For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ગોરવામાં ઢોર પકડવા ગયેલી ટીમ પર પશુપાલકોનો દંગલ

કેટલ ઈન્સ્પેક્ટર પર લાકડીથી હુમલો

બે ગાયો પકડી જતાં ૩ પશુપાલકોએ સરકારી કામગીરીમાં અવરોધ ઊભો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા શહેરમાં રખડતા ઢોરના ત્રાસને ડામવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરી દરમિયાન કોર્પોરેશનના કર્મચારીઓ પર જીવલેણ હુમલાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગોરવા વિસ્તારમાં ફરજ પરના કેટલ ઈન્સ્પેક્ટર પર પશુપાલકો દ્વારા લાકડી વડે હુમલો કરવામાં આવતા શહેરના વહીવટી તંત્રમાં ભારે ચકચાર મચી ગઈ છે.

ઘટનાની વિગત મુજબ, કોર્પોરેશનના કેટલ ઈન્સ્પેક્ટર વિક્રમસિંહ સરવૈયા તેમની ટીમ સાથે ગત ૧૬ ઓગસ્ટે મળેલી નાગરિકોની ફરિયાદના આધારે નંદનવન સોસાયટી પાસે રખડતી ગાયો પકડવાની કામગીરી કરી રહ્યા હતા. શહેરના માર્ગો પર રખડતા ઢોરના કારણે સર્જાતી ટ્રાફિક સમસ્યા અને અકસ્માતના ભયને દૂર કરવા કોર્પોરેશન દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ત્યારે સ્થળ પર મેહુલભાઈ, ભાવેશ રબારી અને કનુ રબારી નામના શખ્સો ત્યાં ધસી આવ્યા હતા અને કોર્પોરેશનની કામગીરીમાં અવરોધ ઊભો કર્યો હતો. આરોપીઓએ ટીમે પકડેલી ગાયોને બળજબરીથી છોડાવી લીધી હતી. આટલું જ નહીં, કેટલ ઈન્સ્પેક્ટર વિક્રમસિંહ સરવૈયા સાથે ગેરવર્તણૂક કરી તેમને લાકડીના ફટકા મારી ઈજા પહોંચાડી હતી અને 'જો ફરી અહીં દેખાયા તો જાનથી મારી નાખીશું' તેવી ગંભીર ધમકીઓ પણ આપી હતી.

આ મામલે ફરજમાં અવરોધ ઊભો કરવા અને હુમલો કરવા બદલ ગોરવા પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે, જેના પગલે પશુપાલક આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે.

જીવના જોખમે એકલા લાઈન પર ચડાવ્યા, યુનિયનનો ઉગ્ર વિરોધ

MGVCLમાં રાષ્ટ્રીય પર્વ પર રજા કાંડ : લાઈન સ્ટાફને આઝાદીની ઉજવણીથી વંચિત રખાયા!

વિભાગીય કચેરીમાં મનપસંદ કર્મચારીને જ લેખિત ઓર્ડર, બાકીનાને વગર ભથ્થે પરાણે ડ્યુટી

(પ્રતિનિધિ) વડોદરા,તા.21

મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડની લુણાવાડા વિભાગીય કચેરી હેઠળ 15મી ઓગસ્ટ સ્વતંત્રતા દિવસે ટેકનીકલ લાઈન સ્ટાફ સાથે ભારે અન્યાય થયો હોવાનો ધારદાર આક્ષેપ સાથે મંડળે કોર્પોરેટ ઓફિસ વડોદરાને ગુજરાત વિદ્યુત ટેક્નિકલ કર્મચારી મંડળના સેક્રેટરી જનરલ આર.આર.ખત્રી દ્વારા લેખિત ફરિયાદ કરતા ખળભળાટ મચ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ લુણાવાડા વિભાગ હેઠળની તમામ સબ ડિવિઝન અને પેટા વિભાગીય કચેરીઓ - લુણાવાડા-2, કોઠંબા, કડાણા અને લુણાવાડા-1 દ્વારા તા. 14 ઓગષ્ટના રોજ ઓફિસ ઓર્ડર કાઢી 15મી ઓગસ્ટે સમગ્ર લાઈન સ્ટાફને ઈમરજન્સી અને વીજ પુરવઠો જાળવણીની ફરજ પર હાજર રહેવા ફરમાન કરાયું હતું. ઓર્ડરમાં વિલેજ કંપલેન, સિટી કંપલેન, નાઈટ ઈમરજન્સી અને ઓપરેટર - ફરિયાદ કેન્દ્રની શિફ્ટો ગોઠવી દેવામાં આવી હતી. આ મામલે એમ.જી.વી.સી.એલ. કર્મચારી મંડળના સેક્રેટરી જનરલ આર.આર.ખત્રીએ મુખ્ય ઈજનેર, કોર્પોરેટ ઓફિસ વડોદરાને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવ્યું છે કે 15મી ઓગસ્ટ અને 26મી જાન્યુઆરી જેવા બે રાષ્ટ્રીય તહેવારો પર કરાતી ફરજનું વધારાનું ભથ્થું સરકાર અને કંપની તરફથી ચૂકવાય છે. પરંતુ લુણાવાડાના અમુક અધિકારીઓએ પોતાના મનપસંદ કર્મચારીને જ લેખિત આદેશ આપી ડ્યુટી સોંપી હતી અને બાકીના વિદ્યુત સહાયકોને મૌખિક રીતે રજા આપી દીધી હતી, જેથી તેઓ ભથ્થાથી વંચિત રહી ગયા. વધુ ગંભીર બાબત એ છે કે જે કર્મચારીઓને આદેશ અપાયો તેઓએ એકલા હાથે લાઈનની કામગીરી કરવી પડી હતી, જેનાથી અકસ્માતનો ભય ઉભો થયો હતો. તો બીજી તરફ વિલેજ હેલ્પર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને પણ રજા આપવા છતાં તેમના વિસ્તારમાં લાઈટની ફરિયાદ આવતા તેઓએ 15મી ઓગસ્ટે પણ કામ કરવું પડ્યું હતું, છતાં તેમને ભથ્થું નહીં મળે. આ પ્રકારે રાષ્ટ્રીય તહેવારની ઉજવણીમાં ભાગ ન લેવા દેવાની કોશિશ અને ભેદભાવપૂર્ણ નીતિથી કર્મચારીઓમાં ભારે અસંતોષ ફેલાયો છે. મંડળે માંગ કરી છે કે ફરજ પર હાજર રહેલા તમામ કર્મચારીઓને નિયમ મુજબનું ભથ્થું ચૂકવવામાં આવે અને ભવિષ્યમાં આવી બીના ન બને તે માટે જવાબદારો સામે યોગ્ય કાર્યવાહી કરી ઔદ્યોગિક શાંતિ જાળવવામાં આવે. આ અંગેની નકલ મેનેજીંગ ડિરેક્ટર અને એડી. જનરલ મેનેજરને પણ મોકલવામાં આવી છે.

સીસીટીવી ફૂટેજ ના આધારે સ્ટોક ચેક કરતાં ચોરીનો ભાંડો ફૂટ્યો

મલબાર ગોલ્ડ શોરૂમમાં કર્મચારીએ અસલી ચેઈન ચોરી નકલી મૂકી દીધી

જાન્યુઆરીથી ઓગસ્ટ સુધી ૩.૯.૦૪ લાખથી વધુની ૪ સોનાની ચેઇન ગાયબ

(પ્રતિનિધિ) વડોદરા તા.21

રેસકોર્સ રોડ પર વાણિજ્ય ભવન સામે આવેલા મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સના શોરૂમમાં ત્યાં નોકરી કરતા કર્મચારીએ કાંડ કરી નાખ્યું હતું. ડિસ્પ્લેમાં મુકેલી નવ લાખની 4 અસલી સોનાની ચેઈન કાઢી તેની જગ્યાએ નકલી ચેઈન મૂકી દેવામાં આવી હતી. સ્ટોક ચેક દરમિયાન શંકા જતા સીસીટીવી તપાસવામાં આવતાં સમગ્ર મામલો બહાર આવ્યો હતો. તપાસમાં એક નહીં પરંતુ ચાર સોનાની ચેઈન ગાયબ હોવાનું સામે આવ્યું છે. જેમાંથી બે ચેઈન કર્મચારી પાસેથી પરત મળી આવી છે.

રેસકોર્સ વિસ્તારમાં આવેલા મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ શોરૂમમાં સેલ્સ એક્ઝિક્યુટિવ તરીકે ફરજ બજાવતા રેવન ગણપતરાવ ગુર્જરની ફરિયાદ મુજબ, 14 ઓગસ્ટના રોજ સ્ટોક ચેક કરતાં એક સોનાની ચેઈનની જગ્યાએ નકલી ચેઈન મળી આવી હતી. ત્યારબાદ સીસીટીવી કેમેરા તપાસતાં 12 ઓગસ્ટે સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં કર્મચારી ફૈઝલ સલીમ મન્સુરી ડિસ્પ્લેમાંથી સોનાની ચેઈન કાઢીને રિપેરિંગ ટેબલ તરફ ગયો હોવાનું જોવા મળ્યું હતું.

ફૈઝલે ચેઈનનું ટેગ તોડી તેને વોશરૂમમાં લઈ જઈ અસલી ચેઈનના બદલે નકલી ચેઈન મૂકી દીધી હોવાનો આક્ષેપ છે. ત્યારબાદ શોરૂમના જૂના સ્ટોકની તપાસ કરતાં જાન્યુઆરીમાં 18.450 ગ્રામની રૂ.3.21 લાખની, ફેબ્રુઆરીમાં 16.465 ગ્રામની રૂ.2.81 લાખની અને જૂનમાં 4.038 ગ્રામની આશરે રૂ.65 હજારની સોનાની ચેઈન ગાયબ હોવાનું સામે આવ્યું હતું. ઉપરાંત 12 ઓગસ્ટે 6.200 ગ્રામની આશરે રૂ.1 લાખની ચેઈન પણ ગાયબ હોવાનું જણાયું હતું.

પૂછપરછ દરમિયાન ફૈઝલે જૂન અને 12 ઓગસ્ટે ચોરી કરેલી બે ચેઈન પરત આપી દીધી હતી. જોકે જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં ગાયબ થયેલી બે ચેઈન અંગે સંતોષકારક જવાબ આપ્યો ન હતો. બંને ચેઈન રૂ.6.03 લાખથી વધુ થાય છે. સમગ્ર ચારેય ચેઈનની કિંમત રૂ.9.04 લાખથી વધુ હોવાનું સામે આવ્યું છે. પોલીસે ફૈઝલ મન્સુરી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે તેમજ ચોરીમાં અન્ય કોઈ કર્મચારીની સંડોવણી છે કે કેમ તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

GSFC ટાઉનશિપ પાસે કાંસમાંથી અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો

પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો,આત્મ હત્યા છે કે હત્યા મોતનું કારણ જાણવા તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા શહેરમાં GSFC ટાઉનશિપ નજીક આવેલા વરસાદી કાંસમાંથી એક અજાણ્યા ઈસમનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને કાંસમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોકલવાની કાર્યવાહી હાથ ધરી હતી.

GSFC ટાઉનશિપ પાસેના વરસાદી કાંસમાંથી અજાણ્યા ઈસમનો મૃતદેહ મળી આવ્યો હતો. સ્થાનિક લોકોની નજર મૃતદેહ પર પડતાં ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી હતી. જાણ થતાં પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસે મૃતદેહને કાંસમાંથી બહાર કઢાવી ઓળખ માટેની કાર્યવાહી હાથ ધરી છે. હાલ મૃતકની ઓળખ થઈ શકી નથી. મૃતક વ્યક્તિ કાંસમાં અકસ્માતે ખાબક્યો હતો કે પછી અન્ય કોઈ સંજોગોમાં તેનું મોત થયું છે, તે અંગે પોલીસે વિવિધ દિશામાં પ્રાથમિક તપાસ શરૂ કરી છે. પોલીસે આસપાસના વિસ્તારોમાં પૂછપરછ કરી સીસીટીવી કેમેરાના ફૂટેજ પણ તપાસવાની કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાસ્થળની આસપાસના વિસ્તારોમાં પણ તપાસ કરવામાં આવી રહી છે. મૃતકની ઓળખ થયા બાદ તેના પરિવારજનોનો સંપર્ક કરવામાં આવશે. તેમજ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ વ્યક્તિના મોતનું ચોક્કસ કારણ સામે આવશે. હાલ પોલીસે સમગ્ર મામલે તપાસ આગળ ધપાવી છે.

કપુરાઈ પોલીસે તરસાલી બ્રિજ સર્વિસ રોડ પરથી એક શખ્સને ઝડપી લીધો

પોર્ટર ટેમ્પોમાં છુપાવી દારૂની હેરાફેરી, ૨૦૦ બીયર ટીન ઝડપાયા

રૂ.૫.૮૫ લાખનો મુદ્દામાલ કબજે, દારૂ મોકલનાર રાજુ વોન્ટેડ

(પ્રતિનિધિ) વડોદરા તા.21

પોલીસને શંકા ન જાય તે માટે બુટલેગરો દ્વારા હવે દારૂની હેરાફેરી માટે પોર્ટર ટેમ્પોનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. ટેમ્પોના પાછળના ભાગમાં પુઠ્ઠાના બોક્સમાં દારૂનો જથ્થો છુપાવી હેરાફેરી કરવામાં આવતી હતી. કપુરાઈ પોલીસે તરસાલી બ્રિજ સર્વિસ રોડ પરથી પોર્ટર ટેમ્પો કોર્ડન કરી તપાસ કરતાં 200 ટીન બીયર મળી આવ્યા હતા. પોલીસે એક શખ્સને ઝડપી બીયર, ટેમ્પો અને મોબાઈલ સહિત રૂ.5.85 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

કપુરાઈ પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.સી. રાઓલના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે બ્લ્યુ કલરનો ટાટા પોર્ટર ટેમ્પોમાં વિદેશી દારૂનો જથ્થો ભરી વાઘોડિયા ચોકડીથી તરસાલી ચોક તરફ લઈ જવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે તરસાલી બ્રિજ સર્વિસ રોડ પર વોચ ગોઠવી હતી. બાતમીવાળો ટેમ્પો આવતા પોલીસે તેને અટકાવી ચાલકને નીચે ઉતારી પાછળના ભાગની તપાસ કરી હતી.

તપાસ દરમિયાન પુઠ્ઠાના અલગ-અલગ બોક્સ મળી આવતા પોલીસે તેને ખોલી તપાસ કરતાં રૂ.80 હજારની કિંમતના 200 ટીન બીયર મળી આવ્યા હતા. પોલીસે દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલો રૂ.5 લાખનો પોર્ટર ટેમ્પો અને રૂ.5 હજારનો મોબાઈલ સહિત કુલ રૂ.5.85 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે રતનસિંહ ઉર્ફે શહિદ ફતેસિંહ ચૌહાણ (રહે. રાજપુરાની પોળ, જમનાબાઈ હોસ્પિટલ પાસે, માંડવી, વડોદરા)ની ધરપકડ કરી છે. જ્યારે દારૂનો જથ્થો મોકલનાર રાજુ નામનો શખ્સ (રહે. વરણામા, મૂળ રાજસ્થાન)ને વોન્ટેડ જાહેર કર્યો છે. દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો અને કોને પહોંચાડવાનો હતો તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ટાયરની દુકાનની આડમાં ગાંજાનું વેચાણ, કપુરાઈ પોલીસે પર્દાફાશ કર્યો

સોમા તળાવમાં દરોડો પાડી ૧.૧૮૪ કિલો ગાંજા સાથે દુકાન સંચાલક ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

સંસ્કારી નગરી વડોદરામાં નશાના કાળા કારોબાર સામે પોલીસે લાલ આંખ કરી છે. સોમા તળાવ વિસ્તારમાં ટાયરની દુકાનની આડમાં ચાલતા ગાંજાના વેચાણનો કપુરાઈ પોલીસે પર્દાફાશ કરી દુકાન સંચાલકની ધરપકડ કરી છે. પોલીસે સ્થળ પરથી ૧૧૮૪ ગ્રામ ગાંજો સહિત કુલ રૂ.૬૪,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

કપુરાઈ પોલીસને બાતમી મળી હતી કે સોમા તળાવ નજીક આવેલી 'ડીપી કોર્પોરેશન ટાયર શોપ'માં નશીલા પદાર્થનું ગેરકાયદે વેચાણ કરવામાં આવે છે. બાતમીના આધારે પોલીસે દુકાન પર દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન દુકાન સંચાલક પિયુષ ઉર્ફે પીન્ટુ વાઢેર દિવાલમાં બનાવેલી ખાસ પેટીમાંથી ગાંજાનો જથ્થો કાઢી ગ્રાહકોને વેચતો ઝડપાયો હતો. પોલીસે

સ્થળ પરથી ૧૧૮૪ ગ્રામ ગાંજો, કિંમત રૂ.૫૯,૨૦૦, તેમજ અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૬૪,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપીની અટકાયત કરી તેની સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. પ્રાથમિક પૂછપરછમાં ગાંજાનો જથ્થો ભરૂચના 'ચાચા' નામના ઈસમ પાસેથી મેળવ્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી શોધખોળ શરૂ કરી છે. ગાંજાના નેટવર્કમાં અન્ય કેટલા લોકો સંકળાયેલા છે અને કેટલા સમયથી આ ધંધો ચાલતો હતો તે અંગે વધુ તપાસ હાથ ધરાઈ છે.

અકોટામાં પાણી ભરવા મુદ્દે પરિવારનો ધીંગાણું

(પ્રતિનિધિ) વડોદરા, તા.21: અકોટા ગામમાં પાણી ભરવા જેવી સામાન્ય બાબતે પરિવારના સભ્યો વચ્ચે ઉગ્ર ઝઘડો થતાં પરિણીતાને માર મારવામાં આવ્યો હતો. વચ્ચે પડેલા પતિનું માથું કાચના દરવાજામાં પછાડતાં તેમને ઈજા થઈ હતી. મામલે અકોટા પોલીસે ચાર લોકો સામે ગુનો નોંધ્યો છે.

ફરિયાદ મુજબ, સામ્યા અમીન પટેલના ઘરની પાસે પાણી ભરવા બાબતે પરિવારના સભ્યો વચ્ચે બોલાચાલી થઈ હતી. દરમિયાન સામ્યાના સસરા મુસ્તફા પટેલે તેને ગાળો આપી ઝાપટ મારી હતી. પતિ બચાવવા વચ્ચે પડતાં તેની સાથે પણ ઝપાઝપી કરવામાં આવી હતી. સામ્યાએ ઘટનાનું મોબાઈલમાં રેકોર્ડિંગ શરૂ કરતાં આરોપીઓએ બંનેના ફોન ઝૂંટવી લીધા હતા. ત્યારબાદ સાહિબ પટેલે સામ્યાને પેટના ભાગે લાતો મારી હતી, જ્યારે મુસ્તફાએ તેના પતિનું માથું કાચના દરવાજામાં પછાડતાં દરવાજો તૂટી ગયો હતો અને માથામાં ઈજા થઈ હતી.

ભાવનગરથી વડોદરા દારૂ પહોંચાડવાનો પ્રયાસ નિષ્ફળ

સમયાલા ટોલનાકે દારૂ ભરેલી કાર ઝડપાઈ, ભાવનગરના બે શખ્સો પકડાયા

તાલુકા પોલીસે નાકાબંધી કરી ૧૧૪ બોટલ વિદેશી દારૂ સાથે રૂ.૨.૮૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

જથ્થો કોને આપવાનો હતો તે અંગે તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

ભાવનગરમાં લઠ્ઠાકાંડ બાદ સમગ્ર રાજ્યમાં દારૂની ગેરકાયદે હેરાફેરી સામે પોલીસ દ્વારા કડક ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. દરમિયાન વડોદરા તાલુકા પોલીસે સમયાલા ટોલનાકા પાસે નાકાબંધી કરી કારમાં છુપાવીને લાવવામાં આવતો વિદેશી દારૂ ઝડપી પાડી ભાવનગરના બે શખ્સોને ઝડપી લીધા છે. પોલીસે 114 બોટલ વિદેશી દારૂ, બે મોબાઈલ ફોન અને કાર સહિત કુલ રૂ.2.84 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

વડોદરા તાલુકા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે ભાવનગર તરફથી એક શંકાસ્પદ કારમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી વડોદરા તરફ લાવવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે સમયાલા ગામના ટોલનાકા પાસે વોચ અને નાકાબંધી ગોઠવી હતી. દરમિયાન બાતમીવાળી કાર ટોલનાકા પાસે આવતા પોલીસે તેને રોકી તલાશી લેતા દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

કારમાંથી વિદેશી દારૂની કુલ 114 બોટલ મળી આવી હતી, જેની કિંમત રૂ.74,820 હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે દારૂ ઉપરાંત બે મોબાઈલ ફોન અને ગુનામાં ઉપયોગમાં લેવાયેલી કાર મળી કુલ રૂ.2.84 લાખની મત્તા જપ્ત કરી હતી.

પોલીસે કારમાં સવાર અજય મહેશભાઈ કુકરેજા (રહે. નવું સિંધુનગર, સરદારનગર, ભાવનગર) અને મહેશ શશીકાંતભાઈ કટકિયા (રહે. મફતનગર, સરદારનગર, ભાવનગર)ની ધરપકડ કરી છે. બંને સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસ તપાસમાં દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને વડોદરામાં કોને પહોંચાડવાનો હતો તે અંગેની વિગતો મેળવવા બંને આરોપીઓની પૂછપરછ શરૂ કરવામાં આવી છે. ભાવનગરના લઠ્ઠાકાંડ બાદ બે શખ્સો દારૂનો જથ્થો લઈને વડોદરા પહોંચતા પોલીસની કાર્યવાહી ચર્ચામાં આવી છે.

ઉ.ઝોનના વોર્ડ-૧૩માં પાલિકાની દબાણ હટાવ ઝુંબેશ તેજ

ખંડેરાવ માર્કેટથી દાંડિયા બજાર અને જેલ રોડ સુધી વહેલી સવારથી મોડી સાંજ સુધી કાર્યવાહી

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરા મહાનગરપાલિકાના ઉત્તર ઝોન હેઠળ આવતા વહીવટી વોર્ડ નંબર-13માં દબાણો સામે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ખંડેરાવ માર્કેટથી દાંડિયા બજાર ચાર રસ્તા તેમજ જેલ રોડથી જયરત્ન ચાર રસ્તા તરફના વિસ્તારોમાં રસ્તા પર થતાં દબાણોને કારણે વાહનચાલકો અને રાહદારીઓને પડતી મુશ્કેલીને ધ્યાનમાં રાખી પાલિકાની દબાણ શાખા સક્રિય બની છે.

મહાનગરપાલિકાના આસિસ્ટન્ટ કમિશનર, વોર્ડ ઓફિસર અને દબાણ નિવારણ ટીમ દ્વારા સ્થળ પર હાજર રહી દબાણો દૂર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. જાહેર રસ્તાઓ અને ચાર રસ્તાઓ પર ગેરકાયદે દબાણોને કારણે અવરજવરમાં અડચણ ઊભી થતી હોવા ઉપરાંત ઈમરજન્સી સેવાઓ માટે પણ મુશ્કેલી સર્જાતી હોવાની સ્થિતિને પગલે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

દબાણો સામેની કામગીરી અસરકારક બને તે માટે વહેલી સવારે 6 વાગ્યાથી મોનિટરિંગ શરૂ કરી મોડી સાંજ સુધી સતત નજર રાખવામાં આવી રહી છે. રસ્તા પર ગેરકાયદેસર રીતે મૂકવામાં આવેલા માલસામાનને જપ્ત કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી રહી છે. પાલિકાના અધિકારીઓના જણાવ્યા મુજબ માત્ર દબાણ હટાવવાથી સમસ્યાનો કાયમી ઉકેલ આવતો ન હોવાથી સામાન જપ્ત કરી પુનઃદબાણ અટકાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. વેપારીઓ અને દબાણ કરનારાઓને અગાઉથી જાણ કરવામાં આવી હોવા છતાં રસ્તા પર દબાણ કરવામાં આવતા પાલિકાની ટીમ દ્વારા કોઈ છૂટછાટ રાખ્યા વિના કાર્યવાહી કરવામાં આવી રહી છે. રસ્તાઓ ખુલ્લા રાખી વાહનચાલકો તથા રાહદારીઓને સરળ અવરજવર મળી રહે તે કામગીરીનો મુખ્ય હેતુ છે.

નવી HT પેનલ અને ટ્રાન્સફોર્મર બેસાડવા સવારે ૯:૩૦થી શટડાઉન

લાલ બાગ પાણીની ટાંકી ખાતે સમારકામથી ૨૪મીએ પાણી કાપ

દંતેશ્વર, મકરપુરા, માંજલપુર અને વિશ્વામિત્રીમાં સવાર-સાંજ પુરવઠો બંધ રહેશે

(પ્રતિનિધિ) વડોદરા તા.21

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના દક્ષિણ વિસ્તારમાં આવેલી લાલબાગ પાણીની ટાંકી ખાતે મહત્વપૂર્ણ સમારકામ અને પ્રોજેક્ટ કામગીરી હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના ભાગરૂપે આગામી ૨૪મી ઓગસ્ટના રોજ લાલબાગ ટાંકી ખાતે નવી એચ.ટી. (HT) પેનલ તેમજ નવું ટ્રાન્સફોર્મર બેસાડવાની કામગીરી કરવામાં આવશે. આ તાંત્રિક કામગીરીને કારણે સવારે ૯:૩૦ વાગ્યાથી શટડાઉન

લેવામાં આવનાર હોવાથી શહેરના અનેક રહેણાંક વિસ્તારોમાં સવાર અને સાંજનું પાણી વિતરણ સંપૂર્ણપણે બંધ રહેશે, જેને પગલે હજારો રહીશોને પાણીની ભારે અછત અને મુશ્કેલીનો સામનો કરવો પડશે.

તંત્ર દ્વારા લેવાયેલા આ શટડાઉનને કારણે ૨૪મી ઓગસ્ટે સવારના વિતરણ દરમિયાન સિંધવાઈ માતા વિસ્તાર, લાલબાગ કુંભારવાડા, ડેરી-મકરપુરા રોડ તેમજ દંતેશ્વર સહિતના આસપાસના વિસ્તારોમાં પાણીનો પુરવઠો પૂરો પાડી શકાશે નહીં. આ ઉપરાંત, સાંજ ટેન્શન કામગીરી લંબાતા સાંજના સમયે માંજલપુર અને વિશ્વામિત્રી વિસ્તારમાં પણ પાણી વિતરણ સ્થગિત રાખવામાં આવશે.

એક જ દિવસે સવાર અને સાંજ બંને સમયના પાણી વિતરણ પર અસર પડવાના કારણે સ્થાનિક રહીશોમાં ભારે અસંતોષ અને પાણી માટે કકળાટ સર્જાય તેવી પૂરી શક્યતા સેવાઈ રહી છે. કોર્પોરેશન દ્વારા હાથ ધરાયેલા આ જરૂરી સુધારાત્મક પ્રોજેક્ટ કાર્ય દરમિયાન નાગરિકોને અગવડતા ન પડે તે માટે અગાઉથી પાણીનો સંગ્રહ કરી લેવા અને પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા જણાવાયું છે. સમારકામ પૂર્ણ થયા બાદ જળ પુરવઠો પૂર્વવત કરવામાં આવશે.

ભાવનગર લઠ્ઠાકાંડના વિરોધમાં કોંગ્રેસનું ઉગ્ર ધરણા-પ્રદર્શન

૩૦ વર્ષના શાસનમાં બુટલેગરો અને ડ્રગ્સ માફિયાઓ બેફામ બન્યા હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૧

ગુજરાતમાં દારૂબંધીના કાયદાના અમલ અને કથળતી કાયદો-વ્યવસ્થાની સ્થિતિ સામે કોંગ્રેસે આક્રમક વલણ અપનાવ્યું છે. ભાવનગરમાં બનેલી લઠ્ઠાકાંડની ગંભીર ઘટનાના વિરોધમાં વડોદરાના ગાંધીનગર ગૃહ ખાતે કોંગ્રેસ દ્વારા ધરણાં-પ્રદર્શન યોજાયું હતું. આ દરમિયાન રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીના રાજીનામાની માંગ સાથે કાર્યકરોએ ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા.

પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કાર્યક્રમની આગેવાની વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષી અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જશપાલસિંહ પઢિયારે કરી હતી. કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે રાજ્યમાં લાંબા સમયથી ભાજપની સરકાર હોવા છતાં બુટલેગરો અને ડ્રગ્સ માફિયાઓ બેફામ બન્યા છે. ગૃહમંત્રીની કડક કાર્યવાહીની ખાતરીઓ વચ્ચે પણ આવી ઘટનાઓ બની રહી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

ભાવનગર લઠ્ઠાકાંડમાં અનેક નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હોવાનો ઉલ્લેખ કરી કોંગ્રેસે ઘટનાની ઉગ્ર નિંદા કરી હતી. મૃતકોના પરિવારજનોને ન્યાય, જવાબદારો સામે કડક કાર્યવાહી અને સમગ્ર મામલે જવાબદારી નક્કી કરવાની માંગ કરવામાં આવી હતી. ધરણાંમાં સિનિયર કાઉન્સિલર પુષ્પાબેન વાઘેલા, આશિષ જોષી, અલકાબેન પટેલ, તીર્થ બ્રહ્મભટ્ટ સહિત શહેર-જિલ્લાના આગેવાનો, વિવિધ સેલ-વિભાગના હોદ્દેદારો અને વોર્ડ પ્રમુખો મોટી સંખ્યામાં જોડાયા હતા. કોંગ્રેસે પીડિતોને ન્યાય મળે ત્યાં સુધી લોકશાહી ઢબે સંઘર્ષ ચાલુ રાખવાની ચીમકી આપી હતી.

અકોટા ટાઉનશીપમાં SOGનો દરોડો

રૂ.૧૦.૨૦ લાખની પ્રતિબંધિત ઈ-સિગારેટ ઝડપાઈ, કિશોર ઝડપાયો, બે શખ્સ વોન્ટેડ

આટલી મોટી માત્રામાં પ્રતિબંધિત ઇ-સિગારેટનું વેચાણ થતું હોવા છતાં અકોટા પોલીસની નિષ્ક્રિય કામગીરી

(પ્રતિનિધિ) વડોદરા તા 21

વડોદરા શહેરને નશામુક્ત બનાવવા પોલીસ દ્વારા ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત શહેર SOGએ અકોટા ટાઉનશિપ વિસ્તારમાં દરોડો પાડી પ્રતિબંધિત ઈ-સિગારેટનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ચાઈના બનાવટની અલગ-અલગ બ્રાન્ડ અને ફ્લેવરની 408 ઈ-સિગારેટ, કિંમત રૂ.10.20 લાખ, કબજે કરી છે. સ્થળ પરથી કાયદાના સંઘર્ષમાં આવેલો એક કિશોર મળી આવતા તેને ઝડપી

પાડવામાં આવ્યો હતો. જ્યારે જથ્થો મંગાવી સંગ્રહ કરાવનાર બે શખ્સને વોન્ટેડ જાહેર કરાયા છે.

પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની સૂચનાથી પાનના ગલ્લા તથા ટોબેકો પ્રોડક્ટના વેચાણકારો દ્વારા પ્રતિબંધિત ઈ-સિગારેટ, હેલ્થ વોર્નિંગ વિનાની સિગારેટ અને ઈ-હુક્કાના વેચાણ સામે કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. આ આધારે SOGના PI બી.ડી. જીતીયા અને ટીમ પેટ્રોલિંગમાં હતી.

દરમિયાન બાતમી મળી હતી કે સેફાન ઉર્ફે બાબા ઈકબાલ મેમણ અને અવેશ રફી